# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-08-2024** **Midday : 1.20 to 1.30**

**Day : Tuesday** **National News**

**આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.**

*********************************************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડન સાથે પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દે ચર્ચા કરી
- ✓ ભારત-સિંગાપોર વચ્ચે બીજી મંત્રી સ્તરીય ગોળમેજી બેઠકમાં ટેકનોલોજી, આર્થિક, રાજદ્વારી અને વાણિજ્ય ક્ષેત્રમાં પરસ્પર સહયોગને મજબૂત બનાવવા ચર્ચા
- ✓ ગુજરાતમાં અતિ ભારે વરસાદથી સર્જાયેલી પુરની સ્થિતિનો સામનો કરવા લશ્કરની મદદ લેવાશેઃ
- ✓ પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં હિંસાના ચાર બનાવમાં 70થી વધુનાં મૃત્યુ
- ✓ ભારતના સર્વોચ્ચ ક્રમાંકિત ટેનિસ ખેલાડી સુમિત નાગલ યુએસ ઓપનમાંથી બહાર

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM- US PRESIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડન સાથે ટેલિફોન પર યુક્રેનની સ્થિતિ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી. પ્રધાનમંત્રીએ ભારત-અમેરિકા સર્વગ્રાહી વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી માટે રાષ્ટ્રપતિ

બાઇડનની ઊંડી પ્રતિબદ્ધતા માટે તેમની પ્રશંસા વ્યક્ત કરી હતી, જે લોકશાહી, કાયદાના શાસન અને મજબૂત લોકો-થી-લોકો સંબંધોના સહિયારા મૂલ્યો પર આધારિત છે.

બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોમાં નોંધપાત્ર પ્રગતિની સમીક્ષા કરી અને ભારપૂર્વક જણાવ્યું કે ભારત-અમેરિકા ભાગીદારીનો ઉદ્દેશ્ય બંને દેશોના લોકો તેમજ સમગ્ર માનવતાને લાભ આપવાનો છે.

યુક્રેનની સ્થિતિ અંગે ચર્ચા કરતા શ્રી મોદીએ રાષ્ટ્રપતિ બાઇડનને તેમની તાજેતરની યુક્રેનની મુલાકાત વિશે માહિતી આપી હતી. તેમણે વાટાઘાટ અને મુત્સદ્દીગીરીની દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવાના ભારતના દ્રષ્ટિબિંદુનો પુનરોચ્ચાર કર્યો અને શાંતિ અને સ્થિરતા પૂર્વવત કરવા પોતાનું સંપૂર્ણ સમર્થન વ્યક્ત કર્યું.

## INDIA SINGAPORE ROUND TABLE

ભારત-સિંગાપોર વચ્ચે ટેકનોલોજી, આર્થિક, રાજદ્વારી અને વાણિજ્ય ક્ષેત્રમાં પરસ્પર સહયોગને મજબૂત બનાવવા માટે બીજી મંત્રી સ્તરીય ગોળમેજી બેઠક સોમવારે સંપન્ન થઈ. સિંગાપોરમાં યોજાયેલી આ બેઠકમાં વિદેશ મંત્રી એસ જયશંકર, નાણા મંત્રી નિર્મલા સીતારમણ, ઉદ્યોગ અને વાણિજ્યમંત્રી પિયુષ ગોયલ અને માહિતી ટેકનોલોજી તથા માહિતી પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે ભાગ લીધો હતો. ચારેય મંત્રીઓએ પ્રધાનમંત્રી લોરેન્સ વોંગ અને રાષ્ટ્રપતિ ટી.શન્મુગુરત્નમ સાથે પણ અલગ અલગ મંત્રણા કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સૂચિત સિંગાપોર યાત્રાના સંદર્ભમાં પણ આ બેઠકને મહત્વની માનવામાં આવે છે. દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનનાં આક્રમમ અભિગમને જોતાં સિંગાપોર ભારત સાથે પોતાનાં રાજદ્વારી અને વ્યૂહાત્મક સંબંધોને

મજબૂત કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે.બેઠક બાદ ડોક્ટર એસ જયશંકરે એક્સ પર લખ્યું, અમે ડિજિટલ, કૌશલ્ય વિકાસ, હેલ્થકેર, કનેક્ટિવિટી અને એડવાન્સ મેન્યુફેક્ચરિંગ જેવાં વિષયો પર વાત કરી. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, બેઠકમાં નવી ટેકનોલોજી અને અન્ય અત્યાધુનિક ક્ષેત્ર પર ચર્ચા થઈ.

## BANGLADESH-ANSARJAIL

બાંગ્લાદેશમાં, ઢાકાની અદાલતે સોમવારે 388 અન્સાર કર્મચારીઓને જેલમાં મોકલી આપ્યા હતા.. રવિવારે રાત્રે અંસાર કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચેની અથડામણના ચાર કેસમાં જેલમાં મોકલ્યા હતા.. આ ઉપરાંત તેમની સામે સચિવાલયમાં તોડફોડ કરવા અને વિદ્યાર્થીઓ પર હુમલો કરવાના ગુનામાં તેમને જેલમાં મોકલવામાં આવ્યાં હતા.

આ ચાર કેસમાં કુલ 437 નામજોગ અને 11,100 અજાણ્યા લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. રવિવારે રાત્રે વિદ્યાર્થીઓ અને વિરોધ કરી રહેલા અંસારના જવાનો વચ્ચે ઘર્ષણ થતાં 40થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ અથડામણમાં છ સૈન્યના જવાનો પણ ઘાયલ થયા હતા, ઇજાગ્રસ્ત જવાનોમાંથી એકની હાલત ગંભીર છે.

## REV. WB-STUDENTS RALLY

કલકત્તામાં, વિદ્યાર્થી જૂથો આજે 'નબન્ના અભિજન' રેલી યોજશે. બંગાળ પોલીસે પરવાનગી નકારી હોવા છતાં, વિદ્યાર્થી સંગઠન પશ્ચિમ બંગા છાત્ર સમાજ અને 'સંગ્રામી જૌથા મંચ' એ જાહેરાત કરી છે કે તેઓ આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ડૉક્ટરની કથિત બળાત્કાર અને હત્યામાં સંડોવાયેલા લોકોની ધરપકડ પર મુખ્ય મંત્રી મમતા બેનર્જીના રાજીનામાની માંગ સાથે રેલી કરશે..

પશ્ચિમ બંગાળ પોલીસે દાવો કર્યો છે કે તેઓને વિશ્વસનીય ગુપ્ત માહિતી મળી છે જે સૂચવે છે કે બદમાશો દ્વારા પ્રદર્શનકારીઓમાં ભળવા અને રેલી દરમિયાન હિંસા અને અરાજકતા ફેલાવવાના પ્રયાસો કરવામાં આવશે. રાજ્ય સરકારે પહેલાથી જ BNSS ની કલમ 163 હેઠળ નબન્ના નજીક પ્રતિબંધિત આદેશો લાદી દીધા છે, જે પાંચ કે તેથી વધુ વ્યક્તિઓને ભેગા થતા અટકાવે છે.

કોલકાતા પોલીસે શહેરના રસ્તાઓ પર 6,000 થી વધુ કર્મચારીઓને તૈનાત કર્યા છે, વોટર કેનન્સ તૈયાર રાખ્યા છે અને ઓછામાં ઓછા 19 બેરિકેડ પોઈન્ટ ઉભા કર્યા છે. લગભગ 26 ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ વિવિધ પોઈન્ટ પર તૈનાત છે. ઘણી શૈક્ષણિક સંસ્થાઓએ ઓનલાઈન વર્ગો પસંદ કર્યા છે અથવા દિવસ માટે રજા જાહેર કરી છે.

રાજ્યપાલ સીવી આનંદ બોઝે રાજ્ય સરકારને રેલીને દબાવવા માટે બળનો ઉપયોગ કરવાનું ટાળવા વિનંતી કરી અને તેના બદલે વિદ્યાર્થીઓના વિરોધ કરવાના અધિકારની હિમાયત કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## SHAH-BPRDFOUNDATION DAY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે નવી દિલ્હીમાં બ્યુરો ઓફ પોલિસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટનાં 54મા સ્થાપના દિવસની ઉજવણીમાં હાજરી

આપશે. આ પ્રસંગે ગૃહ મંત્રી “નવા ગુના કાયદા-નાગરિક કેન્દ્રી સુધારાઓ” વિષય પર ડોક્ટર આનંદ સ્વરૂપ ગુપ્તા સ્મૃતિ વક્તવ્ય આપશે.

શ્રી શાહ વર્ષ 2023 અને 2024 માટે રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત વિજેતાઓનું સન્માન પણ કરશે. આ કાર્યક્રમમાં ગૃહ મંત્રી નવા ગુના કાયદા અંગે બ્યુરોનાં પ્રકાશન ઇન્ડિયન પોલિસ જર્નલની વિશેષ આવૃત્તિનું વિમોચન પણ કરશે. પોલિસ રિસર્ચ બ્યુરો સંશોધન અને વિકાસ દ્વારા ઉત્કૃષ્ટતા લાવવા પોલિસ માટે થિન્ક ટેન્ક તરીકે કાર્ય કરે છે.

# RAIN NATIONAL

ગુજરાતમાં બારે મેઘ ખાંગા થયા છે.. ત્યારે બચાવ અને રાહત કામગીરી માટે લશ્કરની પાંચ ટુકડીઓ તૈનાત કરી દેવાઇ છે.. રાજ્યના તમામ ઝોનમાં એક એક ટુકડી તૈનાત કરવામાં આવશે. અત્યાર સુધીના જાહેર થયેલા વરસાદના આંકડા અનુસાર રાજ્યના 251 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે.. જેમાં સૌરાષ્ટ્રના રાજકોટ, મોરબીમાં સાંબેલાધાર વરસાદ વરસ્યો હતો.. મોરબીના ટંકારામાં ચોવિસ કલાકમાં 14 ઇંચ વરસાદ ખાબક્યો હતો.. જ્યારે નર્મદા અને ઉકાઉ ડેમમા પણ પાણીની જળસપાટીમાં વધારાના કારણે ડેમના દરવાજા ખોલીને નદીમાં પાણી છોડવામાં આવતા નીચાણવાળા વિસ્તારોના ગામોને એલર્ટ કરાયા છે. બીજીતરફ રાજ્યમાં એનડીઆરએફ અને એસડીઆરએફની 22 જેટલી ટીમો તૈનાત કરાઇ છે..

હવામાન વિભાગ દ્વારા હજુપણ અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.. આજે દિવસ દરમિયાન ઉત્તર ગુજરાતને બાદ કરતાં સમગ્ર રાજ્યમાં રેડએલર્ટ જાહેર કરાયું છે જો કે ઉત્તર ગુજરાતમાં પણ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ અપાયું છે.

રાજ્યના તંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે લોકોને કામ સિવાય ઘરની બહાર ન નિકળવાની અપીલ કરવામા આવી છે.

## TRIPURA FLOOD

ત્રિપુરામાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અભિયાન સતત ચાલુ છે. રાજ્ય સરકારે પુરને કારણે માર્ગ, પુલ અને નાળાઓને કારણે એક હજાર આઠ સો 25 કરોડ રૂપિયાનાં નુકસાનનો અંદાજ લગાવ્યો છે. આ અનુમાન માર્ગ અને પુલોનાં વાર્ષિક મેઇન્ટેનન્સનાં બજેટનાં લગભગ છ ગણું છે.

## PAKISTAN BALOCHISTAN ATTACK

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં હિંસાની વિવિધ ઘટનાઓમાં 70 થી વધુ લોકોનો મોત નિપજ્યાં છે. મીડિયાના અહેવાલ અનુસાર, લાસબેલા જિલ્લાના બેલા શહેરમાં મુખ્ય હાઇવે પર વાહનો પર કરવામાં આવેલા હુમલામાં 14 સૈનિકો અને પોલીસ કર્મચારીઓ સહિત 21 આતંકવાદીઓ માર્યા ગયા હતા.

અન્ય એક ઘટનામાં, હથિયારબંધ માણસોએ મુસાખેલ જિલ્લામાં આંતર-પ્રાંતીય ધોરીમાર્ગ પરથી પસાર થતી ટ્રક અને બસમાંથી મુસાફરોને નીચે ઉતારી તેમની ઓળખ તપાસી અને પછી તેમના પર ગોળીબાર કર્યો હતો જેમાં 23 લોકો માર્યા ગયા છે. કલાતમાં, પોલીસ ચોકી અને હાઇવે પર થયેલા હુમલામાં પાંચ પોલીસ કર્મચારીઓ સહિત દસ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. ગઈકાલે બોલાન શહેરમાં રેલ પુલ પર થયેલા વિસ્ફોટોને પગલે ક્વેટા તરફનો રેલ વ્યવહાર પણ સ્થગિત કરવામાં આવ્યો હતો.

રેલ્વેબ્રિજ પર હુમલાની જગ્યા નજીકથી પોલીસને છ અજાણ્યા મૃતદેહો મળી આવ્યા છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી આ ક્ષેત્રમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે.

## SUMIT NAGAL

પુરુષ સિંગલ્સ કેટેગરીમા ભારતના સર્વોચ્ચ ક્રમાંકિત ટેનિસ ખેલાડી સુમિત નાગલ નેધરલેન્ડના ટેલોન ગ્રીકસ્પૂર સામે હારતાં યુએસ ઓપનમાંથી બહાર થઈ ગયા છે.

નાગલની અત્યાર સુધીની સિઝન ઘણી ખરાબ રહી છે. તેઓ ઓસ્ટ્રેલિયન ઓપનમાં બીજા રાઉન્ડથી આગળ વધવામાં નિષ્ફળ ગયા હતા અને ફ્રેન્ચ ઓપન અને વિમ્બલ્ડન ચેમ્પિયનશિપમાં પ્રથમ રાઉન્ડમાંથી બહાર થઈ ગયા હતા. નાગલ પેરિસ ઓલિમ્પિકમાં પણ પ્રથમ રાઉન્ડમાં જ હારી ગયા હતા.

દરમિયાન, યુએસ ઓપનમાં ભારતની આશા હજુ પણ જીવંત છે.કારણ કે, રોહન બોપન્ના, યુકી ભામ્બરી અને એન શ્રીરામ બાલાજી તેમના સંબંધિત ભાગીદારો સાથે પુરૂષ મિશ્ર કેટેગરીમાં તેમના અભિયાનની શરૂઆત કરવા માટે તૈયાર છે..

## JANMASHTAMI CELEBRATIONS

દેશભરમાં ગઈરાત્રે ભારે શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ભગવાન શ્રી કૃષ્ણનાં જન્મસ્થળ મથુરાથી લઈને દ્વારકા સુધીનાં કૃષ્ણમંદિરોમાં વિશેષ પૂજા કરવામાં આવી. મથુરામાં શ્રીકૃષ્ણ જન્મસ્થળ પર 1008 કમળ પુષ્પથી નંદલાલની પુજા કરવામાં આવી. રાત્રે 11 વાગીને 55 મિનેટે પાંચ મિનિટ માટે દ્વાર બંધ કરવામાં આવ્યા અને 12 વાગીને પાંચ મિનિટે શ્રી કૃષ્ણની પ્રતિમાને ગર્ભગૃહમાંથી બહાર લાવવામાં આવી.

અમદાવાદ, ઓડિશા, કોલકાતા અને કર્ણાટકના ઇસ્કોન મંદિરોમાં પણ ધામધુમથી કૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. દરમિયાન, ગઈકાલે દુબઇમાં કૃષ્ણ મંદિરમાં હજારો ભક્તો એકત્ર થયા હતા. યુનાઇટેડ આરબ અમિરાતનું આ પ્રથમ મંદિર શ્રીનાથજી હવેલી તરીકે જાણીતું છે અને તે ભારતીયોની મોટી વસ્તી ધરાવતા બુર દુબઇમાં આવેલું છે.